

લોકડાઉન વચ્ચે કુડાસણ વિસ્તારમાં સરદાર ચોકની આસપાસ વિસ્તારમાં ઉભી રહેલી શાકભાજીની લારીઓ, કરીયાણાની દુકાનો તેમજ અન્ય ખાદ્ય ચીજવસ્તુઓનો વેપાર કરતા વેપારીઓને ત્યાં મેળા જેવો માહોલ જામતો હતો. લોકડાઉનમાં સોશ્યલ ડિસ્ટન્સ ન જળવાતા પોલીસે કડક હાથે કામગીરી કરી હતી. પોલીસે વેપારીઓને પણ દુર તેમજ નાગરીકોને અંતર જાળવીને ઉભા રહીને વારાફરતી ચીજવસ્તુઓની ખરીદી માટે અપીલ કરી હતી.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં એ.પી.એલ.-૧ના કાર્ડધારકોને કીટ આપવાની કામગીરી આજથી શરૂ થઈ છે.
- જાહેરમાં કચરો સળગાવવો એ ગુનો છે પરંતુ આજે નવા સચિવાલય સામે સ્ટેટ બેંકની બાજુની ઝાડીમાં જ કચરો સળગાવાયો હતો એટલુ જ નહિ તેનો ધુમાડો સ્વર્ણિમ સંકુલથી પણ સ્પષ્ટ દેખાતો હતો. મનપાના તંત્રનું આ બાબતે મૌન નગરજનોને દુઃખ આપી રહ્યું છે.
- ગાંધીનગર જિલ્લામાં રેપીડ ટેસ્ટની કામગીરી હાથ ધરવામાં આવી છે.
- ગાંધીનગર શહેરમાં મનપાના આરોગ્યતંત્ર દ્વારા પણ આજે ૧૫થી વધુ લોકોના નમૂના લઈ ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે.
- ગાંધીનગરમાં આજે લોકડાઉન ખોલાશે કે પછી યથાવત્ રખાશે તેની ચર્ચાઓ આજે ટોક ઓફ ધી ટાઉન બની હતી.
- ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૮-૧૯માં ૧૬૪ બાળકો મૃત હાલતમાં જન્મ્યા હતા તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. જેમાં ૯૮ પુરૂષ બાળક હતા તો ૬૬ સ્ત્રી બાળકો હતા.

# બેંક પાસબુક લઈને નીકળી પડતાં ગ્રાહકોનો ઉદ્દેશ લોકડાઉનમાં રખડવાનું બહાનું શોધવાનો..!!

### બેંકમાં રોકડ લેવડ-દેવડ, ક્લિયરીંગ, ટ્રાન્સફર અને ટેક્સ સંબંધિત વ્યવહારોની જ છુટ હોવા છતાં અન્ય કામોના બહાને ગ્રાહકો આવી પહોંચે છે : મર્યાદિત સ્ટાફ સાથે સરકારી ‘‘રોફ’’ ઝાડતાં ગ્રાહકો સોશિયલ ડિસ્ટન્સિંગને જોખમમાં મુકે છે

ગાંધીનગર, તા. ૧૩

બે દિવસની રજાઓ પછી ફરી શરૂ થયેલી બેંકોમાં ફરી એકવાર ગ્રાહકો મોટી સંખ્યામાં જોવા મળ્યાં હતા જેમાંથી અનેક ગ્રાહકો બેંકીંગ કામકાજના બહાને ઘરની બહાર નીકળવાની જાણે તકનો ઉપયોગ કરતો હોય તેવી સ્થિતિ વધુ જોવા મળી હતી. લોકડાઉનના પગલે બેંકમાં માત્ર ચાર પ્રકારના જ નાણાંકીય વ્યવહારોની હાલ અનુમતિ આપવામાં આવી હોવા છતાં પાસબુક ભરાવવા, ફિક્સ ડિપોઝિટ રિન્યુ કરાવવા, વ્યાજની તપાસ કરવા કે તેવા અન્ય કોઈ બહાને ખાલી ધરમધક્કો ખાવા આવી પહોંચતા ગ્રાહકો બેંકના કર્મચારીઓ સાથે જીભાજોડી પણ વધુ કરી રહ્યાં છે અને કેટલાંક તો સરકારી અધિકારી હોવાનો રોફ પણ ઝાડીને બેંક સ્ટાફને ધમકાવતાં નજરે ચઢે છે. વળી આવા ગ્રાહકોમાં વયોવૃદ્ધ પેન્શનરોની સંખ્યા પણ નોંધપાત્ર જોવા મળે છે.

હાલ લોકડાઉનના પગલે બેંકમાં માત્ર રોકડ નાણાંની લેવડ અને દેવડ ઉપરાંત ક્લિયરીંગ તેમજ આરટીજીએસ, એનઈએફટી વગેરે સાથે ગર્વમેન્ટ બીઝનેસ એટલે કે પીપીએફમાં નાણાં ભરવા કે કોઈ સરકારી સિક્યુરિટીઝમાં રોકાણ કરવાનું હોય તેટલાં વ્યવહારોને જ ચાલુ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. જો કે પીપીએફમાં નાણાં ભરવાની મુદત પણ લંબાવી દેવામાં આવી છે અને ૧૫-જી કે ૧૫-એચ ફોર્મ ભરવાની મુદત પણ લબાવાઈ હોવા છતાં કેટલાંક ગ્રાહકો આવા કાર્યોના બહાના હેઠળ બેંકમાં આવી ભીડ વધારે છે જે લોકડાઉનના મૂળ હેતુને હાનિ પહોંચાડે છે. હાલ બેંકમાં પાસબુક પ્રિન્ટિંગ કે નવા ખાતા ખોલવા કે ફિક્સ ડિપોઝિટનું રિન્યુઅલ સર્ટિફિકેટ ઈશ્યુ કરવાનું કાર્ય બંધ હોવા છતાં આવા કામ લઈને આવતા ગ્રાહકો બેંકમાં ભીડ તો વધારે છે વળી, બેંકીંગ સ્ટાફ સાથે ‘અમારૂ કામ કેમ ના કરી આપો ?’ જેવા સવાલો કરી જીભાજોડી કરે છે. વળી પાટનગરમાં તો ઘણા ગ્રાહકો ચાલુ કે નિવૃત્ત સરકારી કર્મચારી અથવા અધિકારી પણ હોવાને નાતે બેંકીંગ સ્ટાફ પર રોફ જમાવતા હોય છે અને જોઈ લેવાની ધમકીઓ પણ આપે છે. નામ નહી જાહેર કરવાની શરતે એક બેંકીંગ કર્મચારીએ જણાવ્યું હતું કે એક તો બેંકમાં રોટેશન મુજબ સ્ટાફ ઓછો હાજર રાખવામાં આવે છે વળી મર્યાદિત કાર્યોને મંજૂરી હોવા છતાં પોતાને ઘરમાંથી બહાર નીકળવા પાસબુકમાં એન્ટ્રી પડાવવા કે એટીએમ કેન્દ્રો ચાલુ હોવા છતાં થોડા નાણાં ઉપાડવા ચેક લખીને લઈ આવતા ગ્રાહકો બેંકમાં ભીડ વધારે તો સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવું અઘરૂ થઈ પડે છે. ઘણા ગ્રાહકો તો હાથ સેનેટાઈઝ કરીને અંદર જવા બાબતે પણ સિક્યુરિટી સ્ટાફ સાથે મગજમારી કરતા હોય છે. બેંકમાં નવા ખાતા ખોલવાના બંધ હોવા છતાં ખાતા ખોલાવવા ગ્રાહકો આવીને દબાણ કરે છે વળી, ફિક્સ ડિપોઝીટ જો પાકી ગઈ હોયને તેના નાણાં ખાતામાં જમા લેવાના હોય તો અમે કરી આપીએ પરંતુ ઓટો રિન્યુઅલ હોવાથી રિન્યુ થઈ ગઈ હોય માત્ર સર્ટિફિકેટ લોકડાઉન પછી મેળવવાનું રહે છે તેમ છતાં જીભાજોડી કરી સર્ટિફિકેટની માંગણી કરતા હોય છે. મોટાભાગના ગ્રાહકો પાસે સ્માર્ટ ફોન સહિત ડિજિટલ બેંકિંગનો ઉપયોગ થઈ શકતો હોવા છતાં જાતે બેંકમાં આવવાનો આગ્રહ રાખે તે સ્પષ્ટ જણાય છે કે માત્ર ઘરની બહાર નીકળવાનું બહાનુ શોધીને આવ્યાં છે જેમાં પેન્શનર્સ પણ હોય છે. જેમણે આ સ્થિતિમાં ઘરની બહાર નીકળવુ ખરેખર જોખમી છે.

#### ખાતામાંથી નજીવા નાણાં ઉપાડવા ચેક લઈને આવે છે

કેટલાંક ગ્રાહકો ખાતામાં ૫૦ હજારથી વધુ રકમ પડી હોવા છતાં જે નાણાં એટીએમથી ઉપાડી શકે તેટલા નાણાં એટલે કે બે-પાંચ હજાર માટે ચેકથી ઉપાડવા આવે છે. બેંક કર્મચારી કહે છે કે ખાતામાં બેલેન્સ છે તો વધારે નાણાં ઉપાડી જાવ જેથી વારંવાર આવવુ ના પડે પરંતુ ગ્રાહકો આ વાત માનવા તૈયાર થતા નથી.

# લોકડાઉન ભંગ માટે નવો નુસ્ખો : પાર્કિંગમાં પડેલા વાહનોમાં બેસીને રમત રમવી

### સેક્ટરના ખુલ્લા પ્લોટ કે રોડસાઈડ દિવસોથી પાર્કિંગમાં પડી રહેલા વાહનોમાં બેસીને સાંજે ટોળટપ્પાં કરતા કે મોબાઈલ ગેમ્સ રમતાં તત્વો ડ્રોન કે પોલીસ પેટ્રોલિંગની નજરમાંથી આબાદ છટકી જાય છે

ગાંધીનગર, તા. ૧૩

દેશભરમાં લોકડાઉનના ચુસ્ત અમલીકરણની હિમાયત કરવામાં આવી રહી છે અને સમગ્ર પોલીસતંત્ર તે માટે કાર્યરત છે. ગાંધીનગરમાં પણ લોકડાઉનના નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે હેતુથી પોલીસ દ્વારા ડ્રોન અને પેટ્રોલિંગનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આમ છતાં લોકડાઉનનો ભંગ કરનારા નીતનવા નુસ્ખા અજમાવતા જોવા મળી રહ્યાં છે. તાજેતરમાં પ્રાપ્ત માહિતી અનુસાર લોકડાઉનમાં ગીચ વસ્તી ધરાવતા સેક્ટર્સમાં કોમન પ્લોટ અથવા બહાર રોડ સાઈડ પાર્ક કરવામાં આવેલા વાહનોમાં બેસીને સાંજના સમયે અથવા રાત્રે જમ્યા પછીના સમયે યુવકો દ્વારા એકઠાં થઈને મોબાઈલ ગેમ રમવી કે વાતોના તડાકાં મારવાનો નુસ્ખો અપનાવવામાં આવી રહ્યો છે.

પોલીસના ડ્રોનની નજરથી કે પેટ્રોલીંગમાં ફરતા વાહનોથી પોલીસની નજરથી બચવા લોકડાઉનનો ભંગ કરતા તત્વો દ્વારા પાર્કિંગ કરાયેલા વાહનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. શહેરના સેક્ટર-૨૪, સેક્ટર-૨૭, સેક્ટર-૨૫ ઉપરાંત નવા સેક્ટરના કેટલાંક વિસ્તારોમાં પણ આ પ્રકારની પ્રવૃતિ ખાસ કરીને સાંજના સમયે મોડી રાત્રિ સુધી જોવા મળી રહી છે. સાંજે જમ્યાં પછી ખુલ્લામાં કે કોઈ દુકાનના ઓટલે ટોળટપ્પા કરતા તત્વોએ હવે પોલીસના ડરથી આ નવો નુસ્ખો શોધ્યો છે જેમાં તેઓ સેક્ટરના કોમન પ્લોટ કે સેક્ટરની બહારની રોડસાઈડે પાર્ક કરાયેલા વાહનોનો જેવા કે રીક્ષા, ઈકો વાન કે માલની હેરફેરમાં વપરાતા છોટા હાથી જેવા મીની ટ્રક-ટેમ્પો જે કવર ધરાવતા હોય તેમાં બેસીને પાન-મસાલા-ગુટખા ખાવા તથા સાથે મળીને પત્તા રમવાં, મોબાઈલ પર લુડો કે તેવી કોઈ ગેમ્સ રમવાં કે વાતોના તડાકા મારવા ઉપયોગ કરી રહ્યાં છે. વાહનોમાં બેઠેલા હોવાને કારણે ડ્રોન કે પેટ્રોલીંગ કરતી પોલીસને નજરે પણ ચઢી શકતા નથી પરંતુ આ સ્થિતિમાં સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાતું નથી જે કોરોના સંક્રમણને વેગ આપી શકે છે અને જે વિસ્તારની સમગ્ર વસાહત કે સેક્ટર માટે જોખમી સાબિત થઈ શકે છે.

## ભારતીય સેવાશ્રમ સંઘ દ્વારા કરિયાણુ કિટોનું વિતરણ

કોરોના મહામારીની ભયંકર પરિસ્થિતીમાં આંતરરાષ્ટ્રીય સેવાકીય સંસ્થા ભારત સેવાશ્રમ સંઘ અમદાવાદ દ્વારા સંસ્થાના અધ્યક્ષ સ્વામીશ્રી આત્મભોલાનંદજી મહારાજના સાનિધ્યમાં છેલ્લા ૪ દિવસમાં દાણીલીમડા, અસારવા, બાપુનગર, મેઘાણીનગર, હાટકેશ્વર સહિત અન્ય વિસ્તારોના શ્રમિકો અને જરૂરિયાતમંદોને લોટ, ચાવલ, દાળ-ખાંડની કરિયાણા સામગ્રી સાથે માસ્ક, સેનેટાઈઝર, હેન્ડવોશ લીક્વિડ, સાબુ વગેરેની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું એમ ભારત સેવાશ્રમ સંઘના આત્મભોલાનંદજી મહારાજે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, કોરોનાની વૈશ્વિક મહામારીના કપરા સમયમાં ભારત સેવાશ્રમ સંઘ પણ સરકાર અને તંત્રના પ્રશંસનીય પ્રયાસોની સાથે સાથે પોતાની રીતે યથાયોગ્ય સેવા અને પરમાર્થનું કાર્ય કરવા આગળ આવ્યુ છે.



ગાંધીનગર શહેરની વિવિધ સસ્તા અનાજની દુકાનોની મુલાકાત મેયર શ્રીમતિ રીટાબેન પટેલે આજે દિવસ દરમિયાન લીધી હતી. મુલાકાત દરમિયાન ગ્રાહકો દ્વારા યોગ્ય સોશિયલ ડીસ્ટન્સનું પાલન થાય છે કે નહિં તથા ગ્રાહકોને યોગ્ય પ્રમાણમાં અનાજનો જથ્થો મળે છે કે નહિં તે સંદર્ભની માહિતી દુકાનદારો પાસેથી મેળવી હતી. સેક્ટર-૨૨, ૧૭, ૨૪, ૨૩ અને ૨૮ની મુલાકાત લીધી હતી. શહેરીજનોને પણ માસ્ક પહેરવા તથા સોશિયલ ડીસ્ટન્સ પાળવા અપીલ કરી હતી.


આરોગ્ય સેતુ એપ
હું સુરક્ષિત | આપણે સુરક્ષિત | ભારત સુરક્ષિત
ઘરમાં રહો, સુરક્ષિત રહો
સત્યમેવ જયતે ગુજરાત સરકાર
આપણે સુરક્ષિત, તો રાષ્ટ્ર સુરક્ષિત

આપણું આરોગ્ય હવે આપણી આંગળીના ટેરવે



કોરોનાને આપો પડકાર
આરોગ્ય સેતુ એપનો
લઈ સહકાર



આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરો
અને કોરોના વિશે જાગૃત બનો




- આરોગ્ય સેતુ એપમાં મળશે કોરોના સબંધી તમામ માહિતી
- COVID-19ના સંક્રમણને લગતા જોખમો અને તેનું સચોટ વિવરણ
- તમારા લોકેશન અને સામાજિક ગ્રાફની મદદથી તમે કોરોના સંક્રમીત વ્યક્તિના સંપર્કમાં આવ્યા છો કે કેમ ? તે જણાવશે
- કોરોના વાયરસના લક્ષણોના આધારે સ્વ-પરિક્ષણની સુવિધા
- દરેક રાજ્યોના હેલ્પ ડેસ્ક નંબરો ઉપલબ્ધ

આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરો
Download on the App Store | GET IT ON Google Play

ક્યુઆર કોડ સ્કેન કરો અને ડાઉનલોડ કરો

COVID-19થી બચવા સોશ્યલ ડિસ્ટન્સિંગનું ચુસ્તપણે પાલન કરીએ તથા આરોગ્ય સેતુ એપ દ્વારા સ્વયંને સુરક્ષિત કરીએ - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત


# આગામી શૈક્ષણિક વર્ષમાં કોઈ શાળા ફી વધારો કરશે નહીં

### લોકડાઉન પૂર્ણ થયા બાદ વાલીની આર્થિક સ્થિતિ મુજબ છ મહિના સુધી ફી ભરવા માટે મર્યાદા સંચાલક વધારશે : વિદ્યાર્થીઓ-વાલીઓના હિતમાં નિર્ણય

ગાંધીનગર, તા.૧૩

કોરોનાના ખતરનાક હાહાકાર વચ્ચે એક પછી એક સમસ્યાઓ ઉભી થઈ રહી છે. આ તકલીફોને દૂર કરવાના પ્રયાસો પણ થઈ રહ્યા છે. ગુજરાત સરકાર પણ એક પછી એક મોટા નિર્ણય લઇ રહી છે. આના ભાગરુપે જ હવે ગુજરાત સરકારે બીજા કેટલાક મહત્વના નિર્ણય લીધા છે જેના ભાગરુપે સીબીએસઈ સહિતની સ્કુલોમાં ફી વધારો કરવામાં આવશે નહીં. છ મહિના સુધી ફી ભરવાની મર્યાદા પણ વધારી દેવામાં આવી છે. લોકડાઉન પૂર્ણ થયા બાદ જ શાળાઓમાં ફીની વસુલીની કામગીરી શરૂ થશે. આવી જ રીતે કોલેજ અને યુનિવર્સિટીઓની પરીક્ષાના સંદર્ભમાં પણ ૧૫મી મે પછી નિર્ણય કરવામાં આવશે. શિક્ષણમંત્રી શાળા સંચાલકો સાથે આજે સફળ બેઠક યોજવામાં આવી હતી. આગામી શૈક્ષણિક વર્ષમાં કોઇપણ શાળાઓ ફી વધારો કરશે નહીં. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષાના પેપરની ચકાસણીની ૧૬મી એપ્રિલથી શરૂઆત થશે. મૂલ્યાંકનમાં સામેલ થનાર શિક્ષકોની સુરક્ષા, સલામતી, સોશિયલ ડિસ્ટેન્સિંગ ધારા ધોરણ જાળવવાની વ્યવસ્થા માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા કરવામાં આવશે. મુખ્ય સચિવ અશ્વિનીકુમારે આજે યોજાયેલી બેઠકના સંદર્ભમાં માહિતી આપી હતી. મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમાર દ્વારા શિક્ષણ જગત અને અનાજ પુરવઠાને લઈને મહત્વની જાહેરાત કરવામાં આવી હતી. કોરોનાના કહેરને લઇ ગુજરાત રાજયમાં આગામી શૈક્ષણિક વર્ષમાં કોઈપણ પ્રકારનો ફી વધારો નહી થાય. તો, ગુજરાત સરકાર દ્વારા કોલેજ, યુનિવર્સીટી તા.૧૫ એપ્રિલથી ૧૬મી મે સુધી વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે જ તેમણે બીજી પણ મહત્વની વાતો જણાવી હતી. સીએમના સચિવ અશ્વિની કુમારે આજે પ્રેસ કોન્ફરન્સ કરીને રાજયના વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે સરકારના મહત્વના નિર્ણયની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે આવતા શૈક્ષણિક વર્ષમાં કોઈ ફી વધારો નહી થાય. તેમ જ માર્ચ-એપ્રિલ-મે ની ત્રણ મહિનાની ફી સપ્ટેબર સુધી ભરી શકાશે. આ ફી માટે વાલીઓ માસિક હપ્તો પણ ભરી શકશે. તેમણે તેમ પણ કહ્યું કે, કોઈ સ્કૂલ વાલી પર ફીને લઈને દબાણ નહીં કરી શકે. લોકડાઉન દરમિયાન રાજ્યમાં વ્યાપાર-ધંધા ખોરવાયા છે, તેવા સમયમાં વાલીઓની તરફેણમાં રાજ્ય સરકારે એક મહત્વનો નિર્ણય કર્યો છે. જેમાં આવતા શૈક્ષણિક વર્ષમાં એકપણ શાળા પોતાની ફીમાં વધારો કરી શકશે નહીં. તેમજ લોકડાઉનના સમયગાળા દરમિયાન અને પછી એટલે કે માર્ચ, એપ્રિલ અને મે મહિનાની ફી વાલી જૂનથી નવેમ્બર મહિનામાં માસિક હપ્તા લેખે પણ ચૂકવી શકશે. તેમણે મહત્વની વધુ એક જાહેરાત કરતા કહ્યું કે કોલેજ, યુનિવર્સિટીમાં તા.૧૫ એપ્રિલથી ૧૬ મે સુધી વેકેશન અપાયુંછે. જ્યારે તા.૧૮ મે થી આગળના સમયમાં પરીક્ષા લેવામાં આવશે તેમ પણ જણાવ્યું હતુ. વધુમાં બોર્ડ પરીક્ષાના પરિણામને લઈને કહ્યું હતું કે, તા.૧૬ એપ્રિલથી ઉત્તરવહી ચકાસણીની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરિક્ષાના પેપરોની કેન્દ્રીય મૂલ્યાંકન કામગીરી તા.૧૬ એપ્રિલ ગુરૂવારથી શરૂ થશે. આ કામગીરીમાં જોડાનારા શિક્ષકોની સુરક્ષા-સલામતિ સોશિયલ ડીસ્ટન્સીંગ નોમ્સ વગેરેની વ્યવસ્થા રાજ્ય સરકાર કરશે તેમજ જ્યાં જરૂર જણાય ત્યાં વધારાના ઓરડાઓની વ્યવસ્થા પણ આ હેતુસર કરવામાં આવશે. મુખ્યમંત્રીના સચિવે લોકડાઉનના સંદર્ભમાં ઉભી થયેલી સ્થિતિ મામલે માહિતી આપી હતી. શાળાઓ ફીની વસુલાત માટે કોઈ ઉતાવળ કરશે નહીં જે તે વાલીની આર્થિક સ્થિતિ અને સગવડ મુજબ જરૂર જણાય ત્યારે છ મહિના સુધી ફી ભરવાની મર્યાદા પણ શાળા સંચાલકો વધારી દેશે. વાલીઓ પોતાના બાળક માટે શાળામાં ભરવાની ફી ત્રિમાસિકના બદલે દર મહિને પણ ભરી શકશે.